# શહેરમાં ધીમે ધીમે વધતી ગરમી

## લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં રાત્રીની ઠંડી ગાયબ : પંખાઓની સ્પીડ વધવા માંડી

ગાંધીનગર, તા. ૭

માર્ચ મહિનો જેમ જેમ આગળ વધી રહ્યો છે તેમ તેમ ગરમીનો પારો ઉંચો જઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન વધતા રાત્રે અનુભવાતી ઠંડક ગાયબ થઈ ગઈ છે.

ઉનાળો ધીમે ધીમે જામી રહ્યો છે. માર્ચ મહિનો શરૂ થતાં જ મહત્તમ અને લઘુત્તમ તાપમાનનો પારો ધીમે ધીમે વધી રહ્યો છે. મહત્તમ તાપમાન ૩૬.૬ ડિ.સે. સુધી પહોંચી જતા તડકો વધુ આકરો બન્યો છે. હાથ-પગની ત્વચા બળવા માંડે તેઓ આકરો તડકો અનુભવાયો હતો. લઘુત્તમ તાપમાનમાં પણ ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. છેલ્લા બે દિવસથી ૧૩ ડિગ્રીની આસપાસ રહેતુ લઘુત્તમ તાપમાન ત્રણેક ડિગ્રી જેટલુ વધીને ૧૬.૨ ડિ.સે. સુધી પહોંચ્યુ હતુ જેના કારણે રાત્રીની ઠંડક ગાયબ થઈ ગઈ છે. ગરમી વધતા રસના કોલાઓ પર ભીડ જામવા માંડી છે. ઠંડી પીણા અને આઈસક્રીમની ખપત વધવા માંડી છે. પંખાઓની સ્પીડ વધવા માંડી છે. એસીનું સર્વિસ કરાવી તેને પણ ચાલુ કરી દેવાયા છે. આગામી દિવસોમાં તાપમાનનો પારો વધુ ઉંચો જશે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.




ગુજરાત વિધાનસભાનું સત્ર તોફાની બની રહ્યુ છે. અમરેલીના ધારાસભ્યએ ખનીજ માફિયા સામે કાર્યવાહી કરવા માટે માંગ કરી હતી અને બેનરો સાથે વિધાનસભાની બહાર વિરોધ પ્રદર્શન કર્યો હતો જેના કારણે તનાવ સર્જાયો હતો.

# શહેરી વિસ્તારના ગામોમાં પાણીનુ જોડાણ આપવા હવે કામગીરી હાથ ધરાશે

## નવી લાઇન નાંખવાનુ કામ પુર્ણતાના આરે જયારે નવા જોડાણ સંદર્ભે વસુલાત કઇ રીતે કરવી તે મામલે પણ તંત્રએ સંબંધિત વિભાગને પત્ર લખી માર્ગદર્શન માંગ્યુ

ગાંધીનગર તા ૭

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પાણીની નવી લાઇન નાંખવામાં આવી રહી છે. નળ સે જળ યોજના અન્વયે નવા જોડાણ આપવા માટે નવી લાઇન નાંખવાનુ કામ પુર્ણતાના આરે છે. જયારે આ સંદર્ભે નવા જોડાણ આપતા પુર્વે વસુલાત કઇ રીતે અને કેટલી કરવી તે સઘળી બાબતે તંત્રએ સંબંધિત વિભાગને પત્ર લખી માર્ગદર્શન આપવા પણ સુચવ્યુ છે જેના અંતે શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે ટુંકમાં જ નવા જોડાણ પણ આપવાની કામગીરી હાથ ધરાશે.

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે પાણીના નવા જોડાણ આપવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. શહેરી વિસ્તારના ગામોમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં કેટલાક ઠેકાણે પાણીનો સપ્લાય ફોર્સથી ન આવતો હોવાનો આક્રોશ પણ સ્થાનિકોમાં ચરમસીમાએ પહોંચે છે. ત્યારે આ ગામોમાં પ્રત્યેક નાગરિકોની પાણીની જરૂરિયાત સંતોષાય તે માટે સરકારે નળ સે જળ યોજના અન્વયે નવા જોડાણો આપવાનો નિર્ણય લીધો છે. જયારે આ પ્રોજેકટને અનુલક્ષી શહેરી વિસ્તારના આઠ ગામોમાં નવી પાણીની પાઈપ લાઈન નાંખવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે મોટાભાગના ગામોમાં નવી લાઈન નાંખવાનુ કામ પુર્ણતાના આરે છ. જયારે કેટલાક ગામોમાં નવી લાઈન નાંખી દેવામાં આવી છે. ત્યારે આગામી ઉનાળાની ગરમીના દિવસોમાં શહેરની સાથે ગામોમાં પણ પાણીની સમસ્યા હળવી થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે. શહેરી વિસ્તારના ગામોમાં અગાઉ ટોપોગ્રાફી અને યોગ્ય લાઈનના અભાવે પણ પાણીની સમસ્યા ઉદભવતી હતી. પરંતુ હવે આ મામલે નવી લાઈન નાંખવાનુ કામ પુર્ણ કરાયુ છે જયારે અગાઉ પાણીના નવા બોર પણ તૈયાર કરાયા છે. જેથી હવે આગામી દિવસામાં પાણીનો પ્રશ્ન હલ થઈ જશે. ત્યારે નળ સે જળ યોજના અન્વયે પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી પુર્ણ કરી દેવાયા બાદ હવે નવા જોડાણ કઈ રીતે આપવા તેમજ આ જોડાણ સંદર્ભે વસુલતા કઈ રીતે કરવી તે અંગે પણ પ્રશ્ન ઉભો થયો છે. ત્યારે જોડાણ આખરી કરતા પુર્વે પાણીના તંત્રએ પણ સરકારને માર્ગદર્શન માટે પત્ર લખ્યો છે. આ મામલે ચોક્કસ આયોજન થઈ ગયા બાદ જોડાણ આપવાનુ કામ પણ હાથ ધરવામાં આવશે. હાલ ઈન્દ્રોડા, ધોળાકુવા, ગોકુલપુરામાં પાણીની લાઈન નાંખવાનુ થોડુ કામ બાકી છે. ત્યારે હવે આગામી દિવસોમાં જોડાણ આપવા માટે પણ કાર્યવાહી હાથ ધરાશે.

# ગુજરાત STEM ક્વિઝમાં ૫.૪૦ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

## શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં સાયન્સ સિટી ખાતે STEM ક્વિઝનું સમાપન : ફાઈનલમાં વડોદરાની ટીમ વિજેતા : ગુજરાતે આપેલો STEM ક્વિઝનો વિચાર સમગ્ર ભારત અપનાવશે : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા.૦૭

ગુજરાત સાયન્સ સિટી ખાતે રાજ્ય સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ આયોજિત જી્ઈસક્વિઝની ફાઈનલના વિજેતાઓને ઈનામ વિતરણ સમારોહને સંબોધતા શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વિજ્ઞાન આધારિત સમાજનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જોયેલું સપનું આ વિદ્યાર્થીઓ સાકાર કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં અનેકવિધ પહેલ કરવામાં આવી છે, જે પૈકી જી્ઈસ ક્વિઝ એક છે. તેમણે આ અવસરે જિલ્લા સ્તર સુધી આ પ્રકારની સ્પર્ધા ના આયોજન માટેની કટિબદ્દ્ધતા પણ વ્યક્ત કરી હતી. શિક્ષણમંત્રીશ્રી એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ગુજરાતે આપેલા જી્ઈસક્વિઝના વિચારને ભારત પણ અપનાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ક્વિઝમાં ગુજરાતના વિવિધ બોર્ડ અને અલગ અલગ માધ્યમના ધોરણ ૯ થી ૧૨ના ૫.૪૦ લાખ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગુજરાત જી્ઈસ મોક ટેસ્ટ ૧૯ ફેબ્રુઆરી થી ૨૨ ફેબ્રુઆરી,૨૦૨૨ દરમિયાન હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ૩૩ જિલ્લા, ૮ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ટોચના ૧૦ વિધાર્થીઓની પસંદગી માટે ૨૬ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી ,૨૦૨૨ દરમિયાન જિલ્લા કક્ષાની ગુજરાત જી્ઈસ ક્વિઝ યોજાઈ હતી અને અંતે, ૬ માર્ચ ,૨૦૨૨ ના રોજ ગુજરાત સાયન્સ સિટી ખાતે ગુજરાત જી્ઈસ ક્વિઝ મેગા પ્રિલીમ યોજાઈ હતી જેમાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ટોપર રહેલા ૪૧૦ વિદ્યાર્થીમાં ૧૭૬ છોકરીઓ અને ૨૩૪ છોકરાઓ હતા.

જો ધોરણ ની દૃષ્ટિ એ વાત કરીએ તો ધોરણ ૯ ના ૮૯, ધોરણ ૧૦ ના ૧૧૮, ધોરણ ૧૧ ના ૧૧૨ અને ધોરણ ૧૨ ના ૯૧ વિદ્યાર્થી પસંદગી પામ્યા હતા.

થીમેટીક રીતે ડિઝાઈન કરાયેલી આ જી્ઈસ ક્વિઝ નો આરંભ પ્રારંભિક કસોટીમાંથી થયા બાદ ૧૬ વિદ્યાર્થી -૮ ટીમને હોટ સીટ પર આમંત્રિત કરાઈ હતી જેમાંથીપ્રથમ નંબરે વડોદરાની ટીમ વિજેતા બની હતી.

સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નહેરાએ સમગ્ર કાર્યક્રમ વિશે શિક્ષણ મંત્રીને માહિતગાર કર્યા હતા. આ અવસરે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના ડેપ્યુટી સેક્રેટરી ગાર્ગી જૈન પણ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સલાહકાર નરોત્તમ શાહુ અને તેમની ટીમને સમગ્ર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. જી્ઈસ ક્વિઝની ગ્રાન્ડ ફિનાલેમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓ, માર્ગદર્શકો, શૈક્ષણિક અધિકારીઓ સામુદાયિક વિજ્ઞાન કેન્દ્રના સંચાલકો અને વિજ્ઞાનપ્રેમી નાગરિકોએ ભાગ લીધો હતો.






ગાંધીનગર એમ એલ સી ટી બાર દ્વારા સ્નેહમિલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં એમ એલ સી ટી બારના પ્રમુખ આર ડી જાની, ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ એસ ગોહીલ, મુકેશ શાહ, પી પી જોષી, નિલેશ શાહ, ગજેન્દ્રસિંહ ચંપાવત, અજીતસિંહ ચાવડા, યોગેશ લેઉવા, બિન્દુબા રાઠોડ સહીત મોટી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે બારના પ્રમુખ આર ડી જાનીએ એમ એલ સી ટી બારની કામગીરી અંગે સૌને જાણકારી આપી હતી. જયારે એમ એલ સી ટી ને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ ગોહીલે ખાત્રી આપી હતી.

# હોળી-ધૂળેટી પર્વ પર એસટી વધારાની ૩૦૦ બસ દોડાવશે

## તહેવારો પહેલાં મુસાફરો માટે રાહતના સમાચાર : ૮થી ૧૬ માર્ચ સુધી વધારાની ૩૦૦ બસો રાજકોટથી દોડાવાશે, દાહોદ-ગોધરા માટે સ્પે. ૨૦૦ બસો મૂકાશે

ગાંધીનગર, તા.૭

રાજ્યમાં કોઈ પણ મોટો તહેવાર આવે છે ત્યારે મૂળ શહેરની બહારના નાગરિકો પોતાના વતનમાં પોતાનાઓની વચ્ચે ઉજવવાનું પસંદ કરતા હોય છે. કોરોનાના ત્રણ વર્ષ બાદ હોળી ધુળટીના તહેવારો પર એસટીવિભાગની બસોમાં ટ્રાફિક જોવા મળશે. જાણવા મળી રહ્યું છે કે હોળી ધુળટીના તહેવાર નિમિતે વધારાની ૩૦૦ બસો દોડાવવાનો નિર્ણય કરાયો છે. ૮ માર્ચથી ૧૬ માર્ચ સુધી વધારાની ૩૦૦ બસો રાજકોટ બસ સ્ટેન્ડમાંથી દોડાવવામાં આવશે. જ્યારે દાહોદ ગોધરા માટે સ્પે. ૨૦૦ બસો મૂકવામાં આવશે. શ્રમજીવી લોકોને વતન જવા માટે રાજકોટ બસ સ્ટેન્ડ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત રોડ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા રાજયમાં ક્યાંય પણ વધારાની બસોનું સંચાલન કરવામાં આવે છે. હોળી-ધુળેટીના પર્વને લઈને રાજકોટ સ્ટેન્ડ પર મોટા પાયે ભીડ જોવા મળી રહી છે. ૦૮ માર્ચથી ૧૬ માર્ચ સુધી હોળીના આગલા દિવસોએ રાજકોટથી વધુ ૩૦૦ જેટલી એકસ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવનાર છે.



ઉલ્લેખનીય છે કે, એક સમયે લોકડાઉનમાં રાજકોટ બસ સ્ટેશન સહિત અનેક જગ્યાએ ચકલા ઉડતા હતા. ત્યારબાદ દિવાળી અને હોળીએ અહીં ભીડ જોવા મળી હતી. કોરોના મહામારીમાં હોળી ધૂળેટીનો તહેવાર આવતો હોવાથી એસટીનિગમના કર્મચારીઓ દ્વારા દરેક મુસાફરોને કોવિડ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું જણાવાયું છે. નોંધનીય છે કે, ગુજરાતમાં મોટા ભાગે અનુસૂચિત જનજાતિના લોકો જેઓ દાહોદ, ગોધરા, પંચમહાલ, ડાંગ, તાપી અને નર્મદા જેવા વિસ્તારોમાં વસે છે. તેઓ પરંપરાગત રીતે પોતાના વતનમાં હોળીની ઉજવણી કરતા હોય છે. રાજસ્થાન રાજ્યનો પ્રથમ તહેવાર હોળી ગણી શકાય. તે લોકો પણ હોળી મનાવવા વતન જતા હોય છે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૩ કેસ સામે આવ્યા

ગુજરાતની જનતાને હવે કોરોનાથી સંપૂર્ણ રાહત મળી રહી છે. નવા કેસની સંખ્યા હવે ૫૦ને નીચે પહોંચી ગઈ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૩ કેસ સામે આવ્યા છે, તો આ દરમિયાન ૨ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાની સારવાર બાદ ૧૪૨ લોકો સાજા થયા છે. નવા કેસ બાદ રાજ્યમાં કુલ સંક્રમિતોનો આંકડો ૧૨ લાખ ૨૩ હજાર ૩૦૫ થયો છે. તો કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૩૭ લોકોના મોત થયા છે. રાજ્યમાં અત્યાર સુધી ૧૨ લાખ ૧૧ હજાર ૫૫૫ લોકો કોરોનાને માત આપી ચુક્યા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ ૨૫ કેસ સામે આવ્યા છે.

### ઢાંકણો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમય જતા જુની લાઇનના લીધે પીવાના પાણીમાં પણ ગટર લાઇનનુ દુષિત પાણી ભળી જતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. જયારે દાયકાઓના અંતે શહેરની વસતી અને વિકાસ મુજબ બન્ને લાઇનો બદલવામાં ન આવે તો જન આરોગ્ય સામે પણ ખતરો મંડરાય તેવી સ્થિતિ ઉદભવી છે જેને અનુલક્ષીને તંત્ર દ્વારા નવી લાઇન અને ઢાંકણો નાંખવાનુ કામ હાથ ધરાયુ છે. બીજીતરફ સેકટરોમાં સમયાંતરે માર્ગ સુધારણાના કામો હાથ ધરવામાં આવે છે. આ દરમિયાન રોડનુ લેવલીંગ પણ ઉચુ આવતા ગટર લાઇનની ચેમ્બરો પણ નીચે દબાતી જાય છે. કેટલાક ઠેકાણે ઉચાણ નિચાણવાળી આ સ્થિતિ વચ્ચે લાઇન તુટી જવા સહીતની ફરિયાદો પણ ઉઠવા પામી છે. આવા સંજોગોમાં લાઇનમાં પણ કચરાના ઢગ થાય છે. જેથી લાઇન ચોક અપ થઇ જવાની સમસ્યા પણ વધી છે. જયારે ચાર દાયકાથી જુની લાઇનમાં વારંવાર ભંગાણ થતા હોવાથી અનેક સમસ્યાઓ ઉદભવે છે. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે ગટર લાઇનનુ નવુ નેટવર્ક ઉભુ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્માર્ટ સીટીને અનુરૂપ ગટર લાઇનનુ નેટવર્ક ઉભુ કરવા માટે તંત્ર કામે લાગ્યુ છે. જેમાં પ્રથમ તબક્કામાં સે-૧ થી ૩૦ માં રોડનુ લેવલીંગ ઉચુ આવવાની સાથે દબાઇ ગયેલા કે તુટી ગયેલા ભુર્ગભ ગટરના નવા ઢાંકણો નાંખવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. સે-૧ થી ૩૦ માં આ પ્રકારના ૨ હજાર ઢાંકણો નવા નાંખવામાં આવશે.

### ફોર્સથી આવશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં પાણી સપ્લાય કરવામાં ખલેલ ઉભી થાય છે. આ સ્થિતિ નિવારવા માટે તંત્ર કક્ષાએથી સરીતા પમ્પીંગ સ્ટેશનને અનુલક્ષી ૩ અને સે-૫ માં નવા ૩ પમ્પ નાંખવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. આ બન્ને ઠેકાણે પાણીના પમ્પનુ ફીટીંગ કરી સ્ટેન્ડ બાય રાખવામાં આવશે જેથી જરૂર મુજબ સપ્લાય ટાંણે તેનો ઉપયોગ કરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રકીયાના અંતે કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે.

### ઝાડા-ઉલ્ટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં એક ૮ માસના નાના બાળકનું જાડાથી મોત થયાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે પૂર્વ વિસ્તારથી ૫૦૦ મીટર દૂર આવેલ તેજાનંદ, સરસ્વતી, પ્રભુનગર અને દીવડા વિસ્તારમાં કેસો નોંધાયા છે. કલોલ મધ્યમાં આવેલ મંગળ ગિરધર પ્રેસ વિસ્તારમાં પણ કેસો મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે એક જગ્યાએ ગટરલાઈન ચોક-અપ થઈ ગયાનું જણાતાં તંત્ર દ્વારા પંપથી આ પાણી ઉલેચી અને દૂર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં પુનઃ કોલેરા આવ્યો હોવાની વાતોને લઈ શહેરવાસીઓ ભયથી ફફડી ઉઠ્યા છે. તંત્રએ અસરગ્રસ્ત વિસ્તારોમાં અપાતો પેયજળનો પુરવઠો પણ તાત્કાલિક અસરથી બંધ કરી દીધો છે. આ વિસ્તારોમાં સવારે ટેન્કરથી પાણી આપવાનો નિર્ણય નગરપાલિકાતંત્ર દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.

કલોલમાં પાણીજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને લઈ આરોગ્યતંત્ર અને નગરાલિકાનું તંત્ર દોડતુ થઈ ગયું છે. કલોલમાં અખાદ્ય ચીજોના વેચાણ પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.

કલોલ શહેરની વોર્ડ નં. ૪ માં સૌથી વધુ અસર થઈ છે. સુપર સકર મશીન પણ ચોક-અપ થયેલી ગટરનું પાણી દૂર કરવામાં નિષ્ફળ જતાં પંપ દ્વારા ગટરલાઈનનું પાણી ઉલેચી તેના નિકાલની વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે.

### વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારી શાળાઓમાં ખૂટતી સુવિધા આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- **જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો**

દસાડાના નૌશાદ સોલંકીએ ગાંધીનગર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મહિલા-બાળ કલ્યાણમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૧૦૬૨ આંગણવાડી કેન્દ્રો છે. આ પૈકી ૯૨૩ આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાન છે. જ્યારે ૧૩૯ આંગણવાડી કેન્દ્રો ભાડાના કે અન્ય મકાનોમાં ચાલે છે. આંગણવાડી માટે જમીન મળ્યેથી વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત બાંધકામ માટેની કામગીરી હાથ ધરવામાં આવશે.

- **ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

દહેગામના ભાજપના બલરાજસિંહ ચૌહાણે જિલ્લામાં બે વર્ષ દરમ્યાન ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા બાળકલ્યાણ વિભાગના મંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં ૧૨,૨૬૭ અરજીઓ મળી છે.

જેમાં ગાંધીનગરમાં ૪૦૯૨, કલોલ શહેર-ગ્રામ્યમાં ૨૨૧૦, માણસામાં ૩૩૧૦, દહેગામમાં ૨૬૫૫ અરજીઓ મળી છે.

આ પૈકી ૬૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર-દહેગામની ૧૫-૧૫ અને કલોલ માણસાની ૧૭-૧૭ અરજીઓનો સમાવેશ થાય છે.

- **ગાંધીનગર જિલ્લામાં નાગરિક પુરવઠાના દરોડા**

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અંગે પાડવામાં આવેલા દરોડાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦-૨૦-૨૧ના વર્ષમાં એક રેઈડ કરવામાં આવી હતી.

આ રેઈડ દરમ્યાન ૪૩,૪૫૦ કિ.ગ્રા. ઘઉં, ૯૭૫૦ કિ.ગ્રા. ચોખા અને ૭૧૦ કિલો અન્ય અનાજ પકડી પાડવામાં આવેલ જેની કિંમત રૂ. ૧૧,૦૨,૬૫૦ થવા જાય છે. આ જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યુ છે.

- **નોંધાયેલ લાભાર્થી અને ફરિયાદો**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના નોંધાયેલ લાભાર્થીઓ અને ફરિયાદો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા-બાળ કલ્યાણ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૩૪૦૭૦ લાભાર્થીઓ નોંધાયેલ છે.

આ લાભાર્થીઓને પ્રતિ માસ રૂ. ૧૨૫૦ ની સહાય ૧-૪-૧૯ થી ચુકવવામાં આવી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં આ યોજના અંગે ૫૭ ફરિયાદો મળી હતી અને તેનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે.

- **ખૂટતા ઓરડાઓ**

કોંગીના બળદેવજી ઠાકોરે જિલ્લાની પ્રાથમિક શાળામાં ખૂટતા ઓરડાઓ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે દહેગામમાં ૧૮૯, ગાંધીનગરમાં ૧૧૯, કલોલમાં ૫૯ અને માણસામાં ૬૦ ઓરડાઓની ઘટ છે.

- **રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે આર.ટી.ઈ. એક્ટ અંતર્ગત પ્રવેશને લઈ પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૨૦માં આ એક્ટ અંતર્ગત આપવા પાત્ર શાળા સંખ્યા ૨૦૨૦-૨૧માં ૩૩૦ અને ૨૦૨૧-૨૨માં ૨૮૩ હતી. આ એક્ટ અંતર્ગત પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૨૦-૨૧માં ૩૨૮૧ અને ૨૧-૨૨માં ૨૧૦૧ હતી. આ પૈકી ૨૦૨૦-૨૧માં ૨૯૮ શાળામાં ૨૬૨૧ બાળકોને અને ૨૦૨૧-૨૨માં ૨૫૧ શાળામાં ૧૬૧૮ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે.

- **અને છેલ્લે...**

૧-૬-૨૦ થી રાજ્યની તમામ આંગણવાડી કેન્દ્રોના ૩ થી ૬ વર્ષના બાળકોને પ્રતિ દિન ૧૩૦ ગ્રામ સુખડી આપવામાં આવે છે. ૬ માસથી ૭૨ માસના બાળકોને પ્રતિ દિન રૂ. ૮ અને અતિ ઓછા વજનવાળા બાળકોને રૂ. ૧૨ પ્રતિ લાભાર્થીને અંદાજિત કિંમતે આ જથ્થો તેના ઘરે અપાય છે તેમ કોંગીના ડૉ. સી.જે. ચાવડાના લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે.

### એક્ઝીટ પોલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીએસપી- ૧૭, કોંગ્રેસ- ૪ બેઠક મળવાનો અંદાજ છે. ઉત્તરપ્રદેશમાં હાલ ભાજપ સત્તા પર છે, જોકે ચૂંટણીના સંગ્રામમાં અખિલેશ યાદવની આગેવાનીમાં સમાજવાદી પાર્ટીએ પણ આકરી ટક્કર આપી છે. સમાજવાદી પાર્ટીએ નાના-નાના પક્ષો સાથે પણ ગઠબંધન કર્યું છે, અને કેટલીક બેઠકો પર ઉમેદવારો પણ નથી ઉભા રાખ્યા. હવે જોવાનું એ રહે છે કે તેની આ ગણતરી કેટલી સાચી પડે છે.

ગોવાઃ ટાઈમ્સ નાઉ-વેટોના આકલન અનુસાર, ગોવામાં ભાજપ ૧૪, કોંગ્રેસ ૧૬, આપ ૪ અને અપક્ષો ૬ બેઠકો જીતી શકે છે. રાજ્યમાં કુલ ૪૦ વિધાનસભા બેઠકો આવેલી છે. ટાઈમ્સ નાઉ-વેટોના એક્ઝિટ પોલ અનુસાર, ગોવામાં આ વખતે પણ ત્રિશંકુ વિધાનસભાના એંધાણ છે. એબીપી સી વોટર એક્ઝિટ પોલ મુજબ ગોવામાં ત્રિશંકુ વિધાનસભાની આગાહી કરાઈ છે. એક્ઝિટ પોલ મુજબ, ૪૦ સભ્યોની વિધાનસભામાં ભાજપ સૌથી મોટી પાર્ટી બનતી દેખાઈ રહી છે. બીજેપીને ૧૩-૧૭ બેઠક મળી શકે છે. કોંગ્રેસને ૧૨-૧૬, જ્યારે આમ આદમી પાર્ટીને ૧-૫ બેઠકો મળવાનો અંદાજ છે.

ટીએમસીને ૫-૯ બેઠકો મળી શકે છે, તો અન્યને ૦-૨ બેઠક મળવાનો અંદાજ છે. ઉત્તરાખંડ પર એબીપી-સી વોટરના સર્વેમાં ભાજપને ૪૧ ટકા વોટ મળવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. કોંગ્રેસને ૩૯ ટકા વોટ મળી શકે છે, જ્યારે આમ આદમી પાર્ટીને ૯ ટકા વોટ મળવાની શક્યતા છે. અન્યોને આ ચૂંટણીમાં ૧૧ ટકા વોટ મળવાના ચાન્સ છે.

ટાઈમ્સ નાઉ નવભારતના એક્ઝિટ પોલમાં ઉત્તરાખંડમાં ભાજપની સરકાર બનતી નજરે પડી રહી છે. રાજ્યની ૭૦ બેઠકોમાંથી ભાજપને ૩૭ અને કોંગ્રેસને ૩૧ બેઠકો મળવાની શક્યતા છે, જ્યારે આમ આદમી પાર્ટી ૧ અને અન્ય પક્ષ ૧ બેઠક જીતી શકે છે. મણિપુરઃ મણિપુરમાં ભાજપ સરકાર બનાવી શકે છે. મણિપુરમાં ભાજપને ૩૨-૩૮ બેઠકોની આશા છે. બીજી તરફ, કોંગ્રેસ ને ૧૨-૧૭ બેઠકો મળી શકે છે.

### નવો અવતાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રોમોનો વીડિયો ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. પ્રથમ પ્રોમોમાં ધોની બસ ડ્રાઈવરના ધાંસુ લુકમાં નજર આવી રહ્યા છે જે સાઉથ ઈન્ડિયન જેવું છે. એમએસ ધોની વીડિયોમાં એક ફેમિલી સાથે આઈપીએલ મેચ જોતા નજર આવી રહ્યા છે. આ દરમિયાન ટેલિફોનની રિંગ વાગે છે અને ધોની એક મહિલાને ફોન ઉઠાવવા માટે ઈશારો કરે છે, સામે ફોન કરનાર પૂછે છે કે, પિતાજી છે? જેના પર ધોની ઈશારો કરીને કહે છે કે, એમને કહી દો આઉટ થઈ ગયા જે બાદ ફોન પર હાજર મહિલા જોર-જોરથી રડવાની એક્ટિંગ કરે છે અને કહે છે કે, પિતાજી આઉટ થઈ ગયા. ત્યાર બાદ મહિલા પૂછે છે કે, સ્ટ્રાઈક પર કોણ છે ત્યારે ધોની કહે છે કે, માહી છે. આ ટાટા આઈપીએલ છે, આ ગાંડપણ હવે સામાન્ય છે.

### ભારતના પ્રયાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ પણ રશિયા દ્વારા યુદ્ધવિરામની જાહેરાતની પ્રશંસા કરી હતી. નોંધપાત્ર વાત એ છે કે આ પહેલા યુક્રેનના ચાર શહેરો કિવ, ખાર્કોવ, સુમી અને મેરીયુપોલમાં દિવસ દરમિયાન યુધ્ધ વિરામ રહ્યું હતું. વાટાઘાટો દરમિયાન, વડાપ્રધાને સુમીમાંથી ભારતીય નાગરિકોને વહેલામાં વહેલી તકે સુરક્ષિત બહાર કાઢવાના મહત્વ પર ભાર મૂક્યો હતો, જેના માટે પુતિને તમામ શક્ય સહકારની ખાતરી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પહેલા આજે જ પીએમ મોદીએ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે ફોન પર વાત કરી હતી. મોદી અને ઝેલેન્સકી વચ્ચે લગભગ ૩૫ મિનિટ સુધી વાતચીત ચાલી હતી. આ દરમિયાન પીએમએ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલી સીધી વાતચીતની પ્રશંસા કરી.

### જેટ મોકલશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું કે અત્યારે આ બાબતે વાતચીત થઈ રહી છે. નોંધનીય છે કે શનિવારના રોજ ઝેલેન્સ્કીએ અમેરિકન કોંગ્રેસ પાસે સૈન્ય મદદ માંગી હતી. રિપોર્ટ અનુસાર, પોલેન્ડે ગત સપ્તાહમાં પોતાના લડાકુ વિમાન યુક્રેન મોકલવાની વાત કરી હતી. પરંતુ વરસૉએ વાઈટ હાઉસને પૂછ્યું છે કે, શું આ વિમાનોની કમી બાઈડન સરકાર અમેરિકન ફાઈટર જેટથી પૂરી કરશે? વાઈટ હાઉસ તરફથી જવાબ આપવામાં આવ્યો કે તેઓ આના પર વિચાર કરશે.